# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧



સલામી સવારની..

દીધું 'તું ભાડા પેટે રહેવા, મકાન લઈ લીધું !
ગ્રાહક થઈને આવ્યા હતા, દુકાન લઈ લીધું !
બૂકાની બાંધી આવ્યા યાચક લઈલીધું લૂંટીને -
દીધી ચલાવવા નાવ માંજીએ સૂકાન લઈ લીધું !
(નીતિશ સાચા અર્થમાં 'બાબુ' બન્યા)

હાઈકુ

ચૂંટણીઓમાં,
વાયદા-વચનોનું
આવે સુનામી..
(ભલભલા તણાઈ જાય)

છે સ્વાઈન ફ્લુ
''કુદરતી આફત-''
તંત્ર બિમાર..
(તાવમાં લવારો)

## ચિંતન

ઈયં પ્રીતિર્વેલી હૃદયભુવિ દેવાત્સ મુદ્દિતા
તથા યત્ન' દ્ સ્યા પ્રકૃતિ મૃદુલા પાય બહુલા ।
યથા નૈનાં સ્ફીતાં પિશુનજન દુર્વાક્ય દહુનો -
દહન્યન્ત : શોષં વ્રર્જાતિ ન પુન: સૌહદનિધે :।।

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - સામાન્ય નીતિનો આ શ્લોક પ્રેમી હૃદયોની વ્યથાને વ્યક્ત કરે છે.

''આ પ્રીતીરૂપી વેલ, દૈવ-ભાગ્યની કૃપાથી હૃદયભૂમિ પર પાંગરે છે. - આ વેલી સ્વભાવથી કોમળ હોય એ સ્વાભાવિક છે - પ્રેમી હૃદય કદી કઠોર હોતાં નથી - પરંતુ આવાં પ્રેમીજનોના પંથે વિઘ્નો-કંટકો પણ બહુ જ આવતાં હોય છે. (આજના પ્રગતિશીલ યુગમાં પણ જ્યારે પરિવારના પગ નીચે પ્રેમ પ્રકરણનો રેલો આવે ત્યારે સામાજિક સ્તર-કુળના વિઘ્નો અને આબરૂ અથડામણ થાય છે) આવાં જોખમોમાંથી પણ પસાર થઈ આ વેલીના બંન્નેના હૃદયમાં વિકાસ થાય, પલ્લવિત થાય ત્યારે તેના દ્વેષ કરનારા ઈર્ષાળુ લોકોનાં દુષ્ટ વચનોનો અગ્નિ તેને મૂળથી વાળી નાખવાના પ્રયત્નમાં જ હોય છે.

આવા દ્વેષ-શંકા અને વચનોના વૈરાગ્નિથી આ પ્રેમવેલી અંદરને અંદરસૂકાઈ જાય છે. ચિંતામાં તેનો વિકાસ અટકી જાય છે. આથી આવાં કોમળ પ્રેમીજનોના સમાજે લાગણીશીલ લોકોએ એમને સુરક્ષા સાથે પ્રોત્સાહન આપવું જોઈએ.

## સુવિચાર

- આપણી 'માનતા' એ પ્રાર્થના નથી.. આપણી આસ્થા પ્રાર્થના છે, આપણી સમજણ પ્રાર્થના નથી, આપણું સમર્પણ પ્રાર્થના છે. - ચિત્રલેખા
- આપણે પ્રાર્થનાને યાચના બનાવી દીધી છે.. આમિ તો પ્રાર્થના પરમશક્તિ સાથે અનુસંધાન સાધવાનો એક સેતુ છે... પણ આ સેતુ ક્યારે હેતુ બની જાય છે એની ખબર જ પડતી નથી. - હિતેન આનંદપરા
- ''શિસ્ત'' શબ્દનો અર્થ થાય છે ''શીખવું'' તે ''શિષ્ય'' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. ''શિષ્ય'' હંમેશા શીખવા માટે તત્પર હોય છે. - એસ. ભટ્ટાચાર્ય
- પોતાની જાત પર જેની હકૂમત ચાલતી નથી એ વ્યક્તિ સ્વતંત્ર નથી. - પૂજ્ય મોટા
- વીતેલા દિવસના કાર્યો બે વખત તપાસી ન લો ત્યાં સુધી ઊંઘશો નહીં, જો સારૂ કાર્ય કર્યું હોય તો તેનાથી ખુશ થાઓ.. અને ખરાબ કાર્ય કર્યું હોય તો દિલગીર થાઓ. - સંત રોબિન

(સંકલન : શ્રી દિપક વી. આસરા)

## બોધ કથા

માણસ મનથી હારે છે, મનથી રોગી થાય છે, મનથી થાકે છે, શરીરને વય સાથે થાક-અશક્તિનો સંબંધ નથી - ૫૮ વર્ષે નિવૃત્ત થતી વ્યક્તિ ઘેર આવી ને જ થાકી-હારી જાય છે. હવે ''હું નિવૃત્ત, મારાથી કંઈ ન થાય !'' જે મનથી વૃદ્ધ-અશક્ત-બિમાર સમજે છે એ કોઈ પણ દવાથી સાજા થતા નથી.

રાજાને પોતાનો હાથી ખૂબ જ પ્રિય હતો - હાથીને પણ રાજા ગમતો - કેટલાંય યુદ્ધમાં હાથીએ રાજાના પ્રાણ પણ બચાવ્યા હતા અને દુશ્મોનોનો ખૂર્દો બોલાવ્યો હતો પણ હવે તે વૃદ્ધ થયો હતો - રાજા ક્યારેક જ તેના પર શહેરમાં મહાલવા માટે જ ઉપયોગ કરતા હતા -

એકવાર હાથી મહાવત સાથે ગામના તળાવે ન્હાવા પાણી પીવા ગયો - મસ્તીમાં તળાવ વચ્ચે પહોંચી ગયો અને કાદવમાં ખૂંપી ગયો - નિકળવાનો પ્રયત્ન કરે તેમ વધારે ઉંડો ઉતરવા લાગ્યો - હાથીએ દયાદ્ર નજરે મહાવત સામે જોયું.

મહાવત દોડ્યો, રાજાને વાત કરી, ગામ આખું-પ્રધાન મંડળ તળાવ કાંઠે આવ્યું સૌ લાચાર બની હાથીને જોવા લાગ્યાં. રાજાએ મંત્રીને કહ્યું - ''કોઈ પણ ઉપાયે મારા વ્હાલા હાથીને બચાવ.'' મંત્રી ઢોલ-નગારાં-મગાવ્યાં - આવેલ પ્રજાને કહ્યું - અંદરો અંદર લડતા હો તેમ હથિયારના અવાજ સાથે ''મારો-કાપો''ની બૂમો પાડો !

નિરાશ હાથીએ આંખ ખોલી યુદ્ધના માહોલ યાદ આવ્યો - અદમ્ય ઉત્સાહ ઉભરાયો અને જોસભેર રાજા પાસે આવી - વિજય થયો હોય એવી ચીખ પાડી -

નગરજનોએ એને તાળીથી વધાવી લીધો.

Email - sureshchandrabhatt18@gmail.com

# જેને શોધવા આપણે બહાર ફાંફા મારીએ છીએ તે તો આપણા ઘરની આરામ ખુરશીમાં જ હાથવગુ પડ્યું હતુ

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ



**શાંતિ, પ્રેમ, પ્રભુ, સલામતી, સુખ, સંતોષ...ની અવિરત શોધમાં આપણે આમ-તેમ ભાગીએ છીએ. અને ભુલી જઈએ છીએ કે આ કસ્તુરી તો આપણી નાભિમાં જ છે**

પ્રિય સખી,

તને મળવા માટે શબ્દોની ગાડી પકડવા બેસતી જ હતી ને પેન ખોવાઈ ગઈ ખાસ્સીવાર શોધ્યા પછીયે ન મળી. થાકીને બેઠી. માથે હાથ દઈને વિચારવા લાગી કે પેન ક્યાં મુકાઈ ગઈ ? ત્યાં જ ખ્યાલ આવ્યો કે પેન તો વાળમાં ખોસેલી હતી. ઘણી વખત એવું બનતું હોય છે ચશ્મા પહેરીને ચશ્મા શોધ્યા કરીએ. ચાવીને કમરમાં ભરાવીને ચાવી શોધવા આખું ઘર ગાંડુ કરીએ. પતિથી ખાનગીમાં બચાવીને રાખેલી બચત કેટલી વખત કપડાની ગડીમાં મુકીને ભુલી ગયાં છીએ ? યાદ છે ને ! પછી જ્યારે જોઈએ ત્યારે ન મળે એટલે આખો કબાટ ઠલવીને પાછા ગોઠવવા બેસવાનું. નજર સામે ઘર હોય ને છતાંય સરનામુ લઈ આખી સોસાયટીમાં રખડી આવીએ છીએ. હું તો ઘણી વખત પાર્કિંગમાં મુકેલુ મારૂ સ્કુટર જ શોધ્યા કરતી હોઉં છું. ઠેકાણે મુકેલી ડાયરી, ટેબલ પર મુકેલી ફાઈલ, સાચવીને મુકેલો મોબાઈલ, પર્સ, કવર... કે..કેટલી વસ્તુઓ આપણાં હાથમાં કે નજર સામે જ હોવા છતાં આપણે તેને શોધવા માટે ઘર ગાંડુ કરી મુકીએ છીએ. કાંખમાં છોકરૂ હોય ને ગામમાં શોધાશોધ કરી મુકીને એટલા વિહ્‌વળ થઈ જઈએ કે આપણો આત્મા પોકારી પોકારીને કહે -

''.. જરા સામને તો આઓ છંલીએ
છૂપ છૂપ છલનેમેં ક્યા રાઝ હૈં;
યૂં છૂપ ના સકેગા પરમાત્મા
મેરી આત્માકી યે આવાઝ હૈં''

આપણે ખુશ થવા માટે, આનંદ અને મનોરંજન મેળવી નિરાંત અનુભવવા માટે બહાર ફરવા કે થિયેટરમાં ફિલ્મ જોવા જઈએ છીએ અને ત્યાંથી ઘરે આવીને આરામ ખુરશીમાં બેસતાં જ 'હા...શ..' એમ બોલીએ છીએ. તો બોલો ! નિરાંતનો અનુભવ ક્યાં થયો ? ઘરે જ ને ? કે થિયેટરની એ.સી.વાળી હવામાં ? જેને શોધવા આપણે બહાર ફાંફા મારીએ છીએ તે તો આપણા ઘરની આરામ ખુરશીમાં જ હાથવગુ પડ્યું હતુ. આપણે જ તેને જોઈ ન શક્યાં - અનુભવી ન શક્યાં. જિસકો ઢૂંઢા ગલી ગલી, વો મેરે ઘર કે પિછવાડે મિલી.

બારમા ધોરણના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં શ્રી ઉમાશંકર જોષીનું એક સુંદર કાવ્ય છે. 'આશંકા' મને એ કાવ્ય ભણાવવાની ખૂબ મજા આવે છે. તેનું વસ્તુ પૌરાણિક છે. તેમાં બ્રહ્મદત્ત રાજાની વાત છે. બ્રહ્મદત્ત રાજા શિકાર કરવા માટે જંગલમાં જાય છે. ત્યાં નદી કિનારે ઋષિનો આશ્રમ જોઈ આરામ કરવા રોકાય છે. ઋષિના આશ્રમમાં તે એક સુંદર કન્યા 'આશંકા'ને જુએ છે અને ઋષિ પાસે તે કન્યાનો હાથ માંગે છે. આ કન્યા શીશુવયે ઋષિને સરોવરમાં ઉગેલી પોયણીમાંથી મળી હતી. ઋષિ રાજા પાસે શરત કરે છે કે, 'તમે તેનું નામ બતાવો અને કન્યાને લઈ જાવ.' રાજાને સરત સાવ સહેલી લાગે છે. કન્યાને પરણવા માટે રાજા તો તેનું નામ વિચારવા લાગી જાય છે. એક પછી એક ઘણાં નામ વિચારે છે. પણ તેમાંનું એકેય નામ કન્યાનુ નથી. આમને આમ ત્રણ વર્ષ વીતી જાય છે. રાજા ચોવીસે કલાક ઋષિ પુત્રીના નામની અટકળો લગાવે છે. રાજાને ચાહવા લાગેલી કન્યા પણ હવે રાજાને આગ્રહ કરે છે કે તે પોતાનુ સાચુ નામ જણાવે. છેવટે રાજાને સમાચાર મળે છે કે તેના રાજ્ય પર શત્રુઓ ચડી આવ્યા છે. ના છૂટકે રાજા હાર સ્વીકારે છે અને કન્યાને પરણ્યા વગર એકલો જ રાજ્યમાં પાછો ફરવા તૈયાર થાય છે. તે ઋષિ પાસે વિદાય લેવા જાય છે અને કહે છે કે, ''શ્રદ્ધા રહી બધી મારી; ને આશંકા સાથ જઈશ હું.'' - એટલે કે રાજા પોતાની અસમર્થતા બતાવે છે કે કન્યાનું સાચુ નામ શોધી લઈશ એવી મારી શ્રધ્ધા હતી પણ હવે 'તેનું નામ શું હશે ?' તેવી આશંકા સાથે જ હું વિદાય લઈશ. અને ઋષિ તથા કન્યા બંને ખુશ થઈ જાય છે. કારણ કે અજાણતાંમાં જ રાજા કન્યાનું સાચું નામ 'આશંકા' બોલી જાય છે. અને ખુશ થઈ ગયેલાં ઋષિ પોતાની પુત્રી 'આશંકા'ને રાજા સાથે પરણાવીને વિદાય કરે છે. શ્રદ્ધાની પાછળ છુપાયેલું આશંકા નામ ત્રણ ત્રણ વર્ષ સુધી રાજા શોધી ન શક્યો અને અચાનક જ તે નામ વિદાયવેળાએ તેના હૈયેથી હોઠે આવી ગયું.

આપણે પણ આપણી શોધ પાછળ આમ જ ફરીએ છીએ. શાંતિ, પ્રેમ, પ્રભુ, સલામતી, સુખ, સંતોષ...ની અવિરત શોધમાં આપણે આમ-તેમ ભાગીએ છીએ. અને ભુલી જઈએ છીએ કે આ કસ્તુરી તો આપણી નાભિમાં જ છે.

જો કે, ગની દહીંવાલા તો કહે છે કે,

''જે શોધમાં ગુમ થઈ જાવું હો
એ શોધનો આરો શા માટે ?
નૌકાને વળી લંગર કેવું ?
સાગરને કિનારો શા માટે
?''

જે મંઝિલ કે લક્ષ્યની શોધમાં આપણે હોઈએ તે શોધ પ્રત્યેની સફર જ આપણનેવધુ રોમાંચકારી લાગે છે. એવરેસ્ટ ઉપર પહોંચવું રોમાંચ છે. પણ એ શિખર પર પહોંચ્યાનો આનંદ હોવા કરતાં સંઘર્ષો અને મુશ્કેલીઓ વેઠીને કાપેલા અંતરનો અહેસાસ વધુ આનંદ આપે છે. હેલીકોપ્ટરથી સીધા એવરેસ્ટ પર ઉતરાણ કરો તો કદાચ એટલો આનંદ ન પણ આવે. તમે જ વિચારો ! સુખ, પ્રેમ, શાંતિ બધું જ સહજમાં મળી જાય તો મજા આવે ? અહં...ના... ના... એમ જ થયું ને ! માથે જ ભરાવેલાં ચશ્મા શોધતાં શોધતાં કોલેજકાળનો ફોટોગ્રાફ મલી આવે છે ને સાથે જ મળી આવે છે એ મધુર-મીઠી સ્મૃતિઓનો વાગોળવાનો - ચોકલેટની જેમ ચગળવાનો અવકાશ. માથામાં ભરાવેલી પેનને શોધતાં-શોધતાં જુની ડાયરીમાં મુકેલા ગુલમ્હોરના ફૂલ મલે છે, ફરી તાજાં બને છે અને હિંચકાની ઠેસે હેમંતકુમારના ગીતની જે કડી ગુનગુનાવતા'તા તે પાછી હોઠ પર આવી જાય છે. ''યે ચાંદ, યે ચાંદની ફિર કહાઁ. સુન જા દિલ કી દાસ્તાઁ.'' ને સાથે જ કોઈ અવસાદથી આંખોના ખૂણા નમ બની જાય છે. ઈશ્વરના દ્વારે શાંતિની શોધમાં પહોંચીએ તે પહેલાં આખી જિંદગીના સરવાળા-બાદબાકીની શૂન ચોકડીની રમતનો આનંદ જીવાઈ જાય છે. માન્યામાં ન આવતું હોય તો ધરતીને પૂછો ! ગોરંભાયેલા આકાશ સામે જોઈને તરસ-તરસ થતાં-થતાં વાદળોનું આગમન જોઈ કેવો અલૌકિક આનંદ થાય છે તે લતબથ ભીંજાવા કરતાંય અનેક ગણો હોય છે. લક્ષ્ય મેળવવા માટેની દોટ પછી લક્ષ્યના પ્રથમ દર્શન જ કદાચ સર્વોચ્ચ આનંદની પળ હોય છે. ભાવની સમાધિની પળ હોય છે. લક્ષ્યને પામી લેતાં જ તેના વળતા પાણી થવાની શરૂઆત થઈ જાય છે.

એનું કારણ કદાચ એ પણ હોઈ શકે કે, આપણી શોધને શોધવાની આપણી કૂચ કદમમાં આપણે પ્રત્યેક ડગલે એને એટલી વાગોળીએ છીએ કે દરેક ક્ષણે-ક્ષણે તે શોધનો પ્રાદૂર્ભાવ આપણાં હૃદયમાં જ થયાં કરે છે. દરેક ક્ષણનું તેનું પ્રગટીકરણ ઘૂંટાઈ-ઘૂંટાઈને એટલું ઘટ્ટ બની જાય છે કે તે શોધ સ્થળ સ્વરૂપે મળે કે ન મળે તેનું બહુ મહત્વ રહેતું નથી. મીરાંએ જીવનભર કૃષ્ણને ચાહ્યાં, ગાયા, અનુભવ્યા અનો કૃષ્ણ તેના આત્મામાં વિસ્તર્યા. અને એટલાં વિસ્તર્યા કે મીરાં અને કૃષ્ણ એક જ બની ગયાં. શોધ અને શોધક એકરૂપ બની ગયાં. અંતઃકરણથી કરેલી શોધનું આથી જુદુ અને ઉત્તમ કોઈ પરીણામ હોઈ જ ન શકે. આપણે જ સુખ સ્વરૂપ, શાંતિ સ્વરૂપ, સ્વયં-સિદ્ધિ, સ્વયં સંતોષરૂપ જ બની જીએ.

શું કહેવું છે ? તારી કોઈ શોધ બાકી છે ?

- તારી સ્વાતિ

# આપણે ધરતી પર શું મૂકીને વિદાય લઈશું?

## રોહિતોપદેશ

- રોહિત શાહ

દુનિયામાં સૌથી મોટો અપરાધ કયો? બીજાની આંખમાં આપણા કારણે આંસુ આવે તે.

દુનિયામાં સૌથી મોટી ઉપલબ્ધિ (અચિવમેન્ટ) કઇ? બીજાની આંખમાં આપણા માટે આંસુ આવે તે.

ઇ-મેલ દ્વારા આ મેસેજ મળ્યો છે. પાપ અને પુણ્યની જેટલી પણ વ્યાખ્યાઓ કરવી હોય એટલી કરો, પણ એનો ટોટલ મીનિંગ તો આટલો જ મળવાનો : કોઇકની આંખોમાં આપણા કારણે આંસુ આવે તે પાપ અને કોઇકની આંખો આપણા માટે ભીની થાય એ પુણ્ય.

આપણા ડેઇલી લાઇફનું ઓડિટ કરવાની આવશ્યકતા છે. કશાંય કારણ વગર આપણે કેટકેટલા લોકોને ત્રાસ અને તકલીફ આપતા રહીએ છીએ! જાહેર શૌચાલયમાં સંડાસ પણ ગયા પછી કેટલાય ડોબાઓ પાણી નાખ્યા વગર ચાલ્યા જાય છે. ભરપૂર પાણીની વ્યવસ્થા હોવા છતાં આવી બેવકૂફી કરનારા લોકો આપણને ઠેર ઠેર જોવા મળે છે. આપણા પછી એ શૌચાલયનો ઉપયોગ કરવા જે કોઇ આવે એને એ ગંદકી જોઇને કેવો ત્રાસ અને કેવી જુગુપ્સા થાય! જાહેર શૌચાલયોને મંદિર કરતાં પણ વધારે સ્વચ્છ રાખવાં જોઇએ - આપણને એવી સલાહ આપણા માટે શું કોઇ ઇશ્વર ઉપરથી આવવાનો છે?

ભૂકંપ જેવી કુદરતી આપત્તિમાં ફેલાયેલાં લોકો માટે એકઠી કરેલી રાહત ફંડની રકમમાંથી મોટા જથ્થાની રકમ ઘરભેગી કરતી વખતે જેના નફ્ફટ ચહેરા પર શરમની પાતળી શિકન પણ નથી ઉપસતી એ વ્યક્તિ પોતાને બિનસાંપ્રદાયિક લીડર ગણાવે છે ત્યારે જરાય ખોટી નથી હોતી. કારણ કે કોઇ પણ સંપ્રદાયની વ્યક્તિ પ્રત્યે એને સંવેદના હોતી જ નથી! સઘળાં સંપ્રદાય વચ્ચે માત્ર સમાન ભાવ-સમભાવ હોય અને બિનસાંપ્રદાયિકતા કહેવાય, એ જ રીતે સઘળા સંપ્રદાય પ્રત્યે સમાન શુષ્કતા કે નઠોરતા અને ક્રૂરતા કે કઠોરતા હોય એનેય બિનસંપ્રદાયિકતા જ કહેવાય ને!

આપણે આ પૃથ્વી પરથી વિદાય લઇ લઇશું પછી લોકો આપણને કેવી રીતે યાદ કરશે - કેવા માણસ તરીકે યાદ કરશે એવો વિચાર આપણને આપણે જીવતા હોઇએ ત્યારે જ આવવો જોઇએ. આપણી અંતિમ વિદાય પછી આપણા શત્રુનેય આપણી ખોટ પડે તો જાણવું કે આપણને જીવતાં આવડ્યું છે અને આપણાં સ્વજનોનેય 'હાશ છૂટ્યા!' જેવું લાગે તો સમજવું કે આપણો ભવનો ફેરો ફોગટ ગયો.

એક શ્રીમંત વ્યક્તિની ઇમ્પોર્ટેડ કારનો પાછળનો કાચ તૂટેલો હતો. એ જોઇને કોઇકે પૂછ્યું, 'તમારી પાસે આટલી બધી સંપત્તિ છે, તમે લાખોનું ડોનેશન આપો છો, તમે ઇચ્છો તો બીજી અનેક નવી કાર ખરીદવા સમર્થ છો, છતાં આ તમારી કારનો પાછળનો કાચ તૂટેલો કેમ છે? એ કાચ તમે નવો કે નંખાવતા નથી?'

પેલા શ્રીમંતે આપેલો જવાબ કાન દઇને સાંભળવા જેવો છે. એણે કહ્યું, "એક વખત હું સૂમસામ રસ્તેથી આ ઇમ્પોર્ટેડ કાર લઇને જતો હતો. રસ્તામાં કોઇ મુફલિસ જેવા માણસે લિફ્ટ માટે મને કાર થોભાવવા ઇશારો કર્યો. હું જરા ઉતાવળમાં હતો, એટલે મેં કાર ન થોભાવી. એણે પાછળથી પથ્થર મારીને મારી કાચનો કાચ તોડી નાખ્યો. મેં ગુસ્સો થઇને કાર ઊભી રાખી. પેલા મુફલિસ પર આક્રમણ કરવા હું નીચે ઊતર્યો. ત્યાં જ એ માણસ બે હાથ જોડીને કરગરતો બોલ્યો :

'માફ કરજો, સાહેબ! તમને હેરાન કર્યા! મારી બૈરીને પ્રસુતિ થઇ રહી છે. બાળક અડધું બહાર આવી ગયું છે. આ સૂમસામ જગાએ કોની સહાય મળે? તમારી કારમાં નજીકનાં દવાખાને એને પહોંચાડવી છે... આટલી દયા કરો સાહેબ!'

એ દિવસે એની બૈરીને દવાખાને પહોંચાડી. પેલા અજાણ્યા પુરુષની આંખોમાંથી છલકાતા આભારના શબ્દોમાં હું તર-બ-તર થઇ ગયો. એ જ ક્ષણે મેં નિર્ણય કર્યો કે, મારી કારને તૂટેલો કાચ હવે કદીય નવો નહિં નંખાવું. આ તૂટેલો કામ મને હંમેશા એ વાતનું સ્મરણ કરાવશે કે કોઇ હેલ્પ માટે રિકવેસ્ટ કરતું હોય તો કદીય એની ઉપેક્ષા કરીને ચાલ્યા ન જવું. ક્યારેક આપણે ઉતાવળમાં હોઇએ તોપણ સંકટગ્રસ્ત વ્યક્તિની વાત સાંભળવા જેટલી માનવતા તો અવશ્ય બતાવવી જોઇએ. એ વાત સાચી છે કે આજના યુગમાં ઠગ અને ચોર લોકોય હેલ્પના નામે આપણને રસ્તા વચ્ચે અટકાવીને લૂંટી લેતા હોય છે, એવી અનેક ઘટનાઓ આપણે મીડિયા દ્વારા વારંવાર સાંભળીએ - વાંચીએ છીએ. છતાં એટલું યાદ રાખીએ કે, આપણી માનવતા કદરૂપી લાગે એના કરતાં આપણી સંપત્તિ લૂંટાય એ ઓછી ખોટનો ધંધો ગણાય.

એક કવિની પંક્તિઓ પવિત્ર મંત્ર જેવી છે, સાંભળો -

'જો કે ખાલી હાથ લઇ
આવ્યા હતા જગમાં અમે,
તે છતાં જયારે ગયા
ત્યારે ઘણું મૂકતા ગયા!'

આ દુનિયા છોડીને જવાની ક્ષણ આવે તે વખતે આપણી પાસે ધરતી પર મૂકી જવા જેવું કશુંય સુખદ સંભારણું કે એકાદ સત્કાર્ય હોય તો નો-પ્રોબ્લેમ.

# ઉદ્યોગ માટેની જમીનમાં રહેણાક માટેની મંજુરી મળશે

**ગણોત ધારા કલમ ૬૩ એ કચ્છ ગણોત ધારા કલમ ૮૯ એ તથા ઘરખેડ અધિનિયમની કલમ ૫૫ માં ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો**

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



ગણોત ધારા કલમ ૬૩ એ કચ્છ ગણોત ધારા કલમ ૮૯ એ તથા ઘરખેડ અધિનિયમની કલમ ૫૫ માં ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેનાથી હજારો હેકટર બીન ઉપયોગી ઔદ્યોગિક જમીન રહેણાક હેતુમાં ફેરવવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા ગણોત ધારા કલમ ૬૩ એ ઘર ખેડ અધિનિયમની કલમ ૫૫ અને કચ્છ ગણોત ધારા કલમ ૮૯ એ પૈકી કોઈપણ કલમ હેઠળ ઉદ્યોગના હેતુ માટે આપેલ જમીનનો હેતુ પૂરો થયા બાદ સંજોગવશાત જમીનમાં હેતુમાં ફેરફાર કરવો પડે તો તે પહેલા થતો ન હતો જે જમીનમાં એકવાર ઉદ્યોગના હેતુ માટે એન. એ. પરવાનગી આપવામાં આવેલ હોય તેમાં ત્યારબાદ હેતુ ફેર સરકાર દ્વારા કરવામાં આવતો ન હતો જેનાથી લાખો હેકટર જમીન ઉદ્યોગ હેતુ સિધ્ધ થયા બાદ પડતર પડી રહેતી હતી તેથી સરકારે સદર કલમમાં સુધારા કરીને નવા નિયમો દાખલ કરીને ઔદ્યોગિક હેતુ માટેની જમીન હવેથી હેતુ ફેર થઈ શકશે તેવા નિર્ણય તાજેતરમાં કેબીનેટની બેઠકમાં સરકારે જાહેર કરેલ છે.

રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, નગરપાલીકા, મહાનગરપાલીકા, પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જીઆઈડીસી, ગુજરાત પાવર પાવર કોર્પોરેશન સહિતની રાજ્ય સરકાર હસ્તકની કંપનીઓમાં આગોતરા જમીનનો કબજો સોંપવામાં આવેલ હોય તેમાં એક સરખા નિયમો નક્કી કરેલ છે. સરકારી તંત્ર દ્વારા વ્યાજ વસુલ કરવામાં વિલંબ કરવામાં આવે તો વ્યાજ વસુલવાની બાબતમાં પણ એક સૂત્રતા લાવી વ્યાજબી રકમ એક સરખી ૮ ટકા કરવામાં આવેલ છે.

અત્યાર સુધી એકવાર ઔદ્યોગિક અને.એ. થયેલ જમીન અન્ય ઉપયોગ હેતુ માટે વાપરવા ઉપર પ્રતિબંધ હતો તેમ છતા આવો ઉપયોગ ધ્યાનમાં આવે તો સરકાર દ્વારા શરત ભંગના પગલા ભરી આવી જમીન સરકાર દાખલ કરવામાં આવતી જે નિયમમાં હવે ફેરફાર કરવામાં આવ્યો છે તેમજ જમીનના આકારના પટ તેમજ પ્રિમિયમ વસુલ કરી અન્ય હેતુ માટે આવી જમીનને તબદીલ કરવાની મંજુરી આપવામાં આવશે પરંતુ મંજુરી બાદ જમીન એન. એ. નો મૂળભૂત હેતુ માર્યો ના જાય ઔદ્યોગિક પ્રવૃત્તિ બંધ ના થાય તે શરતનું પાલન કરવાનું રહેશે તેમજ જે એકમે ઔદ્યોગિક હેતુ પુરો ન થવાનું કારણ જણાવેલ હોય તે યોગ્ય જણાય તો સમય મર્યાદામાં વધારો કરી આપવામાં આવશે.

આવી સમય મર્યાદાનો વધારો કરવાની અરજી એકમને મંજુરી મળેથી ત્રણ વર્ષની અંદર કરવાની રહેશે તેમ છતાં સમય મર્યાદા પણ કોઈ કાર્યવાહી એકમ દ્વારા કરવામાં ના આવે તો શરત ભંગ ગણી જમીન સરકાર હસ્તક કરવાની કામગીરી સરકારી તંત્ર દ્વારા કરવામાં આવશે ઔદ્યોગિક હેતુ પૂર્ણ થયેલ હોય અને બાકીની જમીન ફાજલ પડેલ હોય તો તેનો ઉપયોગ અન્ય હેતુ માટે મંજુરી મેળવી કશી શકાશે પહેલા ઔદ્યોગિક હેતુ પૂરો ના થાય તેવા કિસ્સામાં સમય મર્યાદા વધારાની સત્તા કલેક્ટરને ન હોતી અપાઈ સરકારને સમય મર્યાદા વધારવાની અરજી કરી શકાશે સમય મર્યાદા ના વધારવાના કેસમાં જમીન સરકાર હસ્તક લેવી કે નહી તે નિર્ણય સરકારને આધિન રહેતો હવેથી જે જમીનને ઔદ્યોગિક હેતુ માટે મંજુરી મળી છે તે જમીનનો કબજેદાર માલીક કલેક્ટર કચેરીમાં જમીન હેતુ ફેર માટે અરજી કરી મંજુરી મેળવી શકશે જેના માટે નક્કી કરેલ શરતોનું પાલન અરજદારે કરવાનું રહેશે.

ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગમાં લેવાયા બાદ વધારાની જમીન ફાજલ પડી રહેતી હતી જેનો ઉપયોગ મંજુરી ના હોય તેમજ હેતુ ફેર ના કારણે ફાજલ જ પડી રહેતી હતી જે માલીક તથા સરકાર પક્ષે નુકશાન કારક સાબીત થતું હતુ જેમાં ડેવલોપમેન્ટ કરી એકમ અન્ય ઉપયોગ માટે વધારાની જમીનનો ઉપયોગ કરી શકશે જયારે સરકાર સરકાર પક્ષે વધારાનું પ્રિમીયમ વસુલી રેવન્યુ વસુલ કરવામાં આવશે નવા નિયમ તથા ગણોત ધારાની કલમ ઘરખેડ અધિનિયમની કલમ, ઘરખેડ અધિનિયમની કલમ તથા ગણોત ધારા કલમ ૬૩ એ, ૮૯ એ માં જરૂરી સુધારા બહાર પાડવામાં આવતા ઉદ્યોગકારોને ચોક્કસ ફાયદો થશે.